અપીલ અરજી નં.૧૧૯ તા.૧૪–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશ રામલખન મોર્યા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ રામલખન મોર્યાની તા.૭–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) જયઅંબે સોસાયટીમાં મ્યુ.(મહાનગરપાલિકા) નામ ચઢાવતી વખતે માલીકો ધ્વારા માલીકીના કયા પુરાવા આપ સાહેબે ધ્યાને લીધા કે એસેસમેન્ટ અધિકારીએ કયા પુરાવા ધ્યાને લીધા તેની નકલ. મુદ્દા નં.(૨) જય અંબે સોસાયટીમાં કબ્જારસીદ હોલ્ડરો તથા દસ્તાવેજ હોલ્ડરો કેટલા છે અને કબ્જારસીદ જો રજુ થઈ હોય તો તેની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૯/૨૦૧૧–૧૨

શ્રી મુકેશ રામલખન મોર્યાની તા.૭–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) જયઅંબે સોસાયટીમાં મ્યુ.(મહાનગરપાલિકા) નામ ચઢાવતી વખતે માલીકો ધ્વારા માલીકીના કયા પુરાવા આપ સાહેબે ધ્યાને લીધા કે એસેસમેન્ટ અધીકારીએ કયા પુરાવા ધ્યાને લીધા તેની નકલ. મુદ્દા નં.(૨) જય અંબે સોસાયટીમાં કબજારસીદ હોલ્ડરો તથા દસ્તાવેજ હોલ્ડરો કેટલા છે અને કબજારસીદ જો રજુ થઈ હોય તો તેની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૩૩૩ તા.૧૦–૬–૧૧ થી આપેલ માહિતિના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૩ તા.૧૭–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/૩૮૭ તા.૨૩–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતને પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ/૨૩૦ તા.૨૦–૫–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, ત્રાહિત વ્યકિત તરફથી તા.૨૪–૫–૧૧ ના રોજ આપેલ માહિતી અંગે પત્રની નકલ તથા તેની સાથે અરજદારે રજૂ કરેલ દસ્તાવેજોની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૭–૫–૧૧ ની અરજીથી મોજે ગામ બમરોલી બ્લોક નં.૨૬૦ માં જય અંબે સોસા.ના માલીકી બાબતે આકારણી દફતરે વિગતો માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી અંગે પત્ર નં.સ.ઝોન/અકણ/૨૩૦ તા.૨૦–૫–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ત્રાહિત વ્યકિત તરફથી તા.૨૪–૫–૧૧ ના રોજ માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં અરજદારને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૩૩૩ તા.૧૦–૬–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે ત્રાહિત વ્યકિતની માહિતી આપવા કરેલ ઈન્કાર ના નિર્ણય સામે તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારની મુળ અરજીથી મુદ્દા નં.(૧) જયઅંબે સોસાયટીમાં મ્યુ.(મહાનગરપાલિકા) નામ ચઢાવતી વખતે માલીકો ધ્વારા માલીકીના કયા પુરાવા આપ સાહેબે ધ્યાને લીધા કે એસેસમેન્ટ અધિકારીએ કયા પુરાવા ધ્યાને લીધા તેની નકલ–૧ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સોસા. નામે ચઢાવતી વખતે ગામ નમુના ૭/૧૨ ની નકલ જનરલ પાવર ઓફ એટર્ની શ્રી નટવરલાલ છગનલાલ અને શ્રી બદ્રી પ્રસાદ મુનેશ્વર માર્યોને સંયુકત પાવર ઓફ એટર્ની, શ્રી નટવરલાલ છગનલાલ અને શ્રી બદ્રીનાથ ભુવનેશ્વર માર્ય વચ્ચે થયેલ સમાધાનની નકલ જેવા પુરાવા ધ્યાને લીધેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જય અંબે સોસાયટીમાં કબ્જારસીદ હોલ્ડરો તથા દસ્તાવેજ હોલ્ડરો કેટલા છે અને કબ્જારસીદ જો રજુ થઈ હોય તો તેની નકલ–૧ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સોસા. માં કબ્જા રસીદ હોલ્ડર ૭૯ છે જયારે દસ્તાવેજ હોલ્ડર ૪૮૨ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદરહુ જય અંબે સોસા.માં નટવર છગનનું નામ કઈ રીતે ચાલે છે તેમજ બદ્રીપ્રસાદ મુનેશ્વર મોર્યા સદરહુ જમીનમાં કયા હકો ધરાવે છે તેમજ બદ્રી પ્રસાદ મુનેશ્વર મોર્યનું નામ કેમ વેરાબીલમાં ચઢાવવામાં આવ્યા નથી તે ખુસાલો કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી નટવરલાલ છગનલાલનું નામ પાવર ઓફ એટર્નીના આધારે ચાલે છે શ્રી બદ્રીનાથ મુનેશ્વર પ્રસાદ મોર્યા સદર જમીનમાં કયા હક ધરાવે છે તેની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૪) સોસા.ના હોલ્ડરો કે માલીકો ધ્વારા સમાવેશ વખતે રજૂ કરેલ રજીસ્ટર કે ઉતારો તેની નકલ નંગ–૧. ઉપરોકત ખુલાસા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ

આપવામાં આવેલ હોય સદરહુ ખુલાસા અને નકલ મેળવવા માટે જે કાંઈ ખર્ચ થશે તે ખર્ચ ચૂકવવા હમો અરજદાર બાંહેધરી આપીએ છીએ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સોસા.ના હોલ્ડરો કે માલીકો ધ્વારા કોઈ રજીસ્ટર કે ઉતારો રજૂ કરવામાં આવેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નકલો સિવાયની તમામ માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૧ માં જણાવેલ દસ્તાવેજોની નકલની માંગણી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકાર પ્લોટ હોલ્ડરો વતી સોસા.ના પ્રમુખ કૈલાશસીંગ ગંગાપ્રસાદ રાજપુતે વાંધો ઉઠાવી મુદ્દા નં.૧ અને ૨ માં જણાવેલ માહિતીની નકલો આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે અરજદારે સદર રેકર્ડ કોઈ ખાનગી રેકર્ડ નથી પરંતુ જાહેર રેકર્ડ છે તેથી તેવો રેકર્ડ પૂરો પાડવાની રજૂઆત કરેલ છે. જે સુરત મહાનગરપાકિાનો પોતાનો રેકર્ડ છે તેવી દલીલ કરેલ છે. તેથી તેવો રેકર્ડ આપવા બંધાયેલ છે તથા આવી માહિતી પૂરી પાડવા કોઈને પુછવાની જરૂર હોતી નથી તેમ છતાં ત્રાહિત પક્ષકારને પુછેલ અને ત્રાહિત પક્ષકારે માહિતી આપવાની ના પાડતા ઈન્કાર કરેલ છે તે હકીકત બતાવે છે. તેથી સત્તાનો દુર ઉપયોગ કરેલ છે તેવી રજૂઆત કરેલ છે. અને માહિતી નહીં આપવામાં આવે તો આરટીઆઈ કાયદાનો ભંગ થયેલ છે તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારના દાવા અંગે આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી કલમ–૧૧(૧) કોઈ પણ માહિતી અથવા રેકર્ડ તથા તેનો કોઈ પણ ભાગ મુકત કરવા ઈચ્છે ત્યારે જે ત્રાહિત પક્ષકારને લગતી હોય અથવા તેના ધ્વારા પૂરી પાડવામાં આવેલ હોય અને ત્રાહિત પક્ષકારે ખાનગી માહિતી તરીકે ગણેલ હોય તો જાહેર માહિતી અધિકારીએ આવી વિનંતી મળ્યાના ૫ દિવસની અંદર આવી વિનંતી કરનાર ત્રાહિત પક્ષકારને માહિતી અથવા રેકર્ડ કે તેમાં કોઈ પણ ભાગ મુકત કરવા ઈચ્છે ત્યારે તેવી હકીકતની લેખિત નોટીસ આપવી જોઈએ અને માહિતી મુકત કરવી જોઈએ કે નહીં તે અંગે ત્રાહિત પક્ષકારને લેખિત અથવા મૌખિક નિવેદન આપવા બોલાવશે અને માહિતી જાહેર કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ત્રાહિત પક્ષકારનું આવું નિવેદન ધ્યાનેમાં લેવું જોઈશે. પરંતુ કાયદાથી સુરક્ષિત હોય તેવી વેપાર વાણિજય અને ગુપ્ત બાબતના કિસ્સામાં તે સિવાય આવા ત્રાહિત પક્ષકારને કોઈ સંભવિત નુકશાન અથવા ઈજાસામે માહિતી જાહેર કરવીં જાહેર હિતમાં છેતેવું જાહેર માહિતી અધિકારીને જણાય તો તે જાહેર કરવાની છુટ આપી શકશે. જેની જોગવાઈ અનુસાર જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકારને પત્ર નં.સા.ઝોન/અકણ/૨૩૦ તા.૨૦–૫–૧૧ થી ત્રાહિત પક્ષકારને પત્ર પાઠવી કાર્યવાહી કરેલ છે તેમજ તે અંગે પક્ષકારે તા.૨૪–૫–૧૧ ના રોજ પત્રથી જવાબમાં આવા કોઈ પણ પ્રકારના દસ્તાવેજો કે દફતરી ઉતારા આપવા નહીં તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકારના નિવેદનને ધ્યાને લઈ મુદ્દા નં.૧ અને ૨ બાબતે આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) મુજબ મુદ્દા નં.૧ અને ૨ની માહિતીની નકલો આપવા તેટલા પૂરતો ઈન્કાર કરેલ છે. તેવો નિર્ણય લીધેલ છે જેથી અરજદારને તેમની અપીલમાં ત્રાહિત પક્ષકારને પુછવાની જરૂર નથી. કે સત્તાનો દુર ઉપયોગ કર્યાની રજુઆત યર્થાથ નથી. તથા અરજદાર તા.૨૪–૫–૧૧ ના પત્રથી અન્યના નામો દાખલ કરવા નહીં તે અંગે પુરાવાની નકલો રજૂ કરેલ છે. આથી તેને ખાનગી રાહેની નકલો ગણી શકાય તેથી તેમાં જાહેર હિત હોવાનું પ્રથમદર્શી જણાતું ન હોવાથી જાહેર માહિતી અધિકારીનો નિર્ણય ગ્રાહય રાખવપાત્ર થાય.

અત્રે એ પણ સુચક છે કે ત્રાહિત પક્ષ ધ્વારા રજુ થયેલ વાંધા રજુઆત સાથેના દસ્તાવેજો જોતાં રજીસ્ટર હાઉસીંગ સોસાયટી નોંધણી નં. સા.૫૬૮૭ તા. ૧૬–૫–૦૮ ધરાવતી છે તેથી તેના સભાસદો આવી માહિતી આંતરીક રીતે પણ મેળવી શકે ઉપરાંત રે.દી.મુ. ૪૯/૨૦૦૦ અરજદારશ્રી મોર્ય અને નટવરલાલ સાથેનું અદાલતી સમાધાન જેમાં અરજદાર પક્ષકાર છે તથા તા .૧૭/૬/૯૦ના રોજ થયેલ કરાર જેમાં પણ અરજદાર પક્ષકાર છે તે ધ્યાને લેતાં દ્રિપક્ષી પક્ષકારો વચ્ચેના દસ્તાવેજો પરસ્પર જાણમાં હોય જ અને વકીલ મારફતે થયેલ તેવા વ્યવહાર વિશ્વનીય સંબંધ હેઠળ પણ તેની માહિતી પરસ્પરને પ્રાપ્ય હોય તેથી અરજદારની ત્રાહિતના દાવા સાથે જાહેર માહિતી અધિકારીના કલમ–૧૧ હેઠળની ઈન્કાર સામેની તકરાર ટકી શકે તેમ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ તથા અરજદારની દસ્તાવેજોની નકલોના કલમ–૧૧ હેઠળ ઈન્કાર બાબતે જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય ગ્રાહય રાખવામાં આવે છે આથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુકેશ રામલખન મોર્યા